૧૪-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠા બાળકો - તમને જ્ઞાનનું ત્રીજું નેત્ર મળ્યું છે, તમે ત્રિકાળદર્શી બન્યા છો પરંતુ આ અલંકાર હમણાં તમને ન આપી શકાય કારણ કે તમે પુરુષાર્થી છો"**

**પ્રશ્ન :-** ગૃહસ્થ માં રહેતા કર્મ અવશ્ય કરવાનાં છે પરંતુ કઇ એક વાત ની સંભાળ જરુર રાખવાની છે?

**ઉત્તર :-** કર્મ કરતાં, વ્યવહાર માં આવતા અન્નની બહુજ પરહેજ રાખવાની છે. પતિતો નાં હાથનું નથી ખાવાનું, પોતાને બચાવીને રહેવાનું છે. કર્મ સંન્યાસી નથી બનવાનું પરંતુ પરહેજ જરુર રાખવાની છે. તમે કર્મયોગી છો. કર્મ કરતાં બાપની યાદમાં રહો તો વિકર્મ વિનાશ થશે.

**ઓમ્ શાંતિ!** બાપ બાળકોને બેસી સમજાવે છે. જ્યારે કોઈ ગીતા વગેરે સંભળાવે છે તો કહે છે યદા યદાહિ.... જ્યારે-જ્યારે ધર્મની ગ્લાનિ, અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ભગવાન આવે છે. બરોબર ધર્મની ગ્લાનિ થાય છે. ગ્લાનિ એટલે નિંદા.... તો ભારતમાં ધર્મની ગ્લાનિ અને અધર્મની વૃદ્ધિ થઈ જાય છે. હું આવું જ ત્યારે છું, જ્યારે આ હાલત હોય છે. બહુજ દુઃખ છે, મોત સામે ઊભું છે. વિનાશ માટે મૂસળ પણ તૈયાર છે. હમણાં તમે બાળકો જાણો છો બાબા આવ્યાં છે, આદિ સનાતન ધર્મની સ્થાપના કરવાં. બ્રહ્મા દ્વારા સ્થાપના, શંકર દ્વારા વિનાશ, વિષ્ણુ દ્વારા પાલના.... બરાબર આ ત્રણેય કર્તવ્ય હમણાં ચાલી રહ્યાં છે.

હમણાં તમે બ્રાહ્મણ છો અને જાણો છો કે હમણાં અમે બ્રાહ્મણ થી ફરી દેવતા બની રહ્યાં છીએ. હમણાં શિવબાબા નાં પૌત્ર છીએ. શિવબાબા નું એક બાળક, એક થી પછી તમે કેટલા બાળકો બનતા જાઓ છો. પતિતો ને પાવન બનાવવાની સેવા તમે કરી રહ્યાં છો. આ છે બેહદનો યજ્ઞ. યજ્ઞ માં આખી જૂની દુનિયા સ્વાહા થઈ હતી. આ યજ્ઞ નાં પછી ફરી કોઈ યજ્ઞ થશે જ નહીં. સતયુગ ત્રેતા માં કોઈ યજ્ઞ રચતા જ નથી. યજ્ઞ રચે જ છે વિઘ્નો ને હટાવવા માટે. આ તો ખુબ ભારે વિઘ્ન છે, તો એના માટે મોટો યજ્ઞ જોઈએ. આ છે બેહદનો યજ્ઞ. એમાં જૂની દુનિયાની સામગ્રી જે પણ છે તે બધું સ્વાહા થવાનું છે. રુદ્ર અથવા શિવબાબા એક જ છે. જેવી રીતે શિવનું રુપ છે તેવી રીતે રુદ્ર નું પણ રુપ છે. શ્રીકૃષ્ણ તો સાકારી છે, આનું સાચું-સાચું નામ જ છે શિવ જ્ઞાન યજ્ઞ. શિવબાબા કહે છે, રુદ્ર બાબા નથી કહેતાં. ભોળા ભંડારી શિવબાબાને કહીએ છે. આ છે શિવબાબા નો યજ્ઞ. આમાં આપણ ને સૃષ્ટિ નાં આદિ-મધ્ય-અંત નું જ્ઞાન મળી રહ્યું છે. તમે જાણો છો કે આપણ ને જ્ઞાનનું ત્રીજું નેત્ર મળ્યું છે. દેવતાઓને ત્રીજું નેત્ર દેખાડે છે ને. પરંતુ આ છે જ્ઞાનનું ત્રીજું નેત્ર જે તમને બ્રાહ્મણો ને મળે છે જેનાથી તમે દેવતા બનો છો. ત્યાં ત્રીજા નેત્ર ની આવશ્યકતા નથી. પરંતુ તમને તો દેખાડી ન શકાય કારણ કે તમે પુરુષાર્થી છો. ચાલતાં-ચાલતાં ભાગી જાઓ છો તેથી જે ફાઈનલ રિઝલ્ટ વાળા છે એમને આ અલંકાર આપ્યાં છે. નહીં તો દેવતાઓની પાસે થોડી શંખ, ચક્ર વગેરે છે. આ સૃષ્ટિ ચક્રનાં આદિ-મધ્ય-અંતનું જ્ઞાન તમને સંભળાવી રહ્યા છે. એમણે પછી શાસ્ત્રોમાં લખી દીધું છે કે સ્વદર્શન ચક્ર થી ફલાણા ને માર્યા, આ કર્યું. બાપ કહે છે કે હું તો પતિતો ને પાવન બનાવવાં આવું છું, એમાં હિંસાની તો વાત જ નથી. દેવતાઓનો છે જ અહિંસા પરમો ધર્મ. શ્રીકૃષ્ણ માટે પછી હિંસા કરી કેવી રીતે લખ્યું છે. કેવાં વન્ડરફુલ ચિત્ર બનાવ્યાં છે. ત્યાં જ ગીતા સંભળાવે, રાજયોગ શીખવાડે, ત્યાં જ પછી કોઈને મારે છે. બાપ ને તો યાદ જ કરે છે કે આવીને પતિત દુનિયાને પાવન બનાવો, રાજયોગ શીખવાડો. બાપ કહે છે જ્ઞાન નો સાગર, નોલેજફુલ હું છું. તમને નોલેજ મળી રહી છે, એને જ અમરકથા કહે છે. તે તો શિવશંકર ને એક કહી દે છે. શંકર સુક્ષ્મવતનવાસી, તે કેવી રીતે કથા સંભળાવશે .એમને તો નોલેજફુલ નહીં કહેવાય. શિવ બાબા આખી સૃષ્ટિ ચક્ર નું રહસ્ય સમજાવે છે. જે નોલેજ

કોઇની પાસે નથી. બાપ ધણી ને ન જાણવાનાં કારણે જ ઓરફન (અનાથ) બની ગયાં છે. લડતાં-ઝઘડતાં રહે છે. સતયુગ માં કોઈ ઝઘડા હોતા જ નથી. ન રડવું, ન પીટવું... તેથી મોહજીત રાજા ની કથા સંભળાવે છે. કથાઓ તો અનેક છે. દરેક ધર્મ માં અલગ-અલગ કથાઓ છે, જે બધી ભક્તિ માર્ગની સામગ્રી છે. ભક્તિ કરે છે ભગવાન ને મળવા માટે. અડધોકલ્પ ભક્તિ કરતા આવ્યાં છે. ભગવાન તો કોઇને મળ્યાં જ નથી. હવે બાપે તમને બાળકોને પરિચય આપ્યો છે. તમારે પછી બીજાઓને આપવાનો છે. સન શોઝ ફાધર... તો બાપનો પરિચય આપી બધાને જ્ઞાન બતાવતા રહો છો.

આપ દરેક બાળકોની બુદ્ધિમાં છે કે શિવ બાબા અમારા રુહાની બાપ છે. આ પણ ભક્તિમાર્ગ વાળાઓને સમજાવવાનું છે કે તમારા બે બાપ છે. એક લૌકિક બાપ, બીજા પારલૌકિક બાપ, જેમને ગોડફાધર કહીએ છીએ જેમણે આ બેહદની રચના રચી છે. બાપ થી તો જરુર વારસો મળતો હશે. તે છે જ સ્વર્ગ ની રચના રચવા વાળા. ભારત સ્વર્ગ હતું. આ લક્ષ્મી-નારાયણનું રાજ્ય હતું. એમને આ રાજ્ય કોણે આપ્યું? કળિયુગ અંતમાં કોઈ પણ વિશ્વનાં માલિક નથી. આ છે જ રાવણનું રાજ્ય, પોતે પણ કહે છે અમને રામરાજ્ય, નવી દિલ્લી માં દૈવી રાજ્ય જોઈએ. રામરાજ્ય છે સતયુગ-ત્રેતા. રાવણ રાજ્ય છે દ્વાપર કળિયુગ. દ્વાપર થી જ ભક્તિમાર્ગ શરું થાય છે. વિકાર પણ શરું થાય છે, જેની નિશાનીઓ પણ છે. જગન્નાથપુરી નાં મંદિર માં બહાર દેવતાઓનાં ગંદા ચિત્ર બનાવ્યાં છે. તાજ તખ્ત વગેરે તેજ છે, ફક્ત ચિત્ર વિકારી દેખાડે છે. જ્યારે દેવતાઓ વામ માર્ગ માં જાય છે તો પછી ધરતીની ઉથલ પાથલ પણ થાય છે. સોના-હીરા નાં મહેલ બધાં નીચે ચાલ્યા જાય છે. પૂજા માટે કેટલાં ભારે મંદિર બનાવ્યાં છે, ભક્તિમાર્ગ માં. પોતે જ પૂજ્ય પોતે જ પૂજારી. બાપ સમજાવે છે-હું તો પૂજારી નથી બનતો. જો હું બનું તો મને પછી પૂજ્ય કોણ બનાવશે? હું ન પતિત બનું છું, ન બનાવું છું. પતિત તમને રાવણ બનાવે છે, જેને બાળતા આવ્યાં છો. આ સમયે પાપ આત્માઓની દુનિયા છે. ગાય પણ છે પતિત-પાવન આવો. પછી કહી દે છે પતિત-પાવન સીતારામ. ઝટ ત્રેતા વાળા રામ ની યાદ આવી જાય છે. હવે તે તો પતિત-પાવન નથી. બાપ આ બધી વાતો સમજાવે છે. તમે બધી સીતાઓ છો, દ્રોપદીઓ છો. એકની વાત નથી. દ્રૌપદી ને પાંચ પતિ દેખાડે છે. એવી વાત છે નહીં. ભારત જ પ્રાચીન પવિત્ર ખંડ હતો કારણ કે પતિત-પાવન પરમ પિતા પરમાત્મા ની જન્મભૂમિ છે. એમણે અહીં આવીને પતિત નર્ક વાસીઓ નો ઉદ્ધાર કર્યો છે. બધાં ધર્મ વાળા ગોડ ફાધર ને યાદ કરે છે કારણ કે બધાં તમોપ્રધાન છે. ઇબ્રાહિમ, બૌદ્ધ વગેરે બધાં આ સમયે હાજર છે. પહેલો નંબર બ્રહ્મા પણ પતિત દુનિયામાં છે તો બીજા કોઈ પાછા કેવી રીતે જઇ શકે. બધાં આ સમયે કબ્રદાખલ છે. બાપ આવીને બધાને ગતિ સદ્ગતિ આપે છે. સતયુગમાં ભારત પવિત્ર હતો. દેવતાઓની આગળ ગાય પણ છે તમે સર્વગુણ સંપન્ન સંપૂર્ણ નિર્વિકારી.... અમે વિકારી છીએ. આ સમયે બધાં વિકારી છે, બધાને નિર્વિકારી બનાવવા બાપ ને આવવું પડે છે. તો પતિત-પાવન બાપ થયાં, ન કે પાણીની નદીઓ. પતિત-પાવન જ્ઞાન સાગર થી નીકળેલી આ જ્ઞાન ગંગાઓ. શિવશક્તિ સેના છે. શિવ થી જ્ઞાન નો કળશ મળે છે. બાપ કહે છે-બાળકો ગૃહસ્થ વ્યવહાર માં રહેતા પવિત્ર બનો. કર્મ પણ જરુર કરવાનાં છે. આ છે જ કર્મયોગ. કર્મ-સંન્યાસ તો નથી થઈ શકતો. તે સમજે છે ઘર માં ખાવાનું નથી બનાવતાં, ભીખ પર ગુજરાન કરે છે, તેથી કર્મ સંન્યાસી છે. તે તો ફકીર થયાં. અન્ન તો વિકારીઓનું પેટ માં પડે છે, તો અન્નદોષ લાગી જાય છે. પતિત ઘર માંથી ભલે નીકળી જાય છે તો પણ જન્મ તો પતિત ઘર માં લેવો પડે છે. તમને પણ અન્ન અસર કરશે, તેથી પરહેજ રખાય છે. પતિત નું અન્ન ન ખાવું જોઈએ. જેટલું બની શકે પોતાને બચાવતાં રહો. કોઈ નાં બહુજ ઝઘડા પણ થઈ જાય છે. એક

ભાઈ જ્ઞાન માં આવે, બીજો નથી આવતો એવાં ઘણા કેસ હોય છે. આટલું બેહદનું રાજ્ય લો છો તો જરુર કંઈક ઝઘડા થશે. કોઈ પણ હાલત માં તમારે પોતાનો બચાવ રાખવાનો છે. મુક્તિ તો કોઈ પામતાં નથી. ગપ્પાં મારતા રહે છે અમે જ્યોતિ જ્યોત માં લીન થઈશું. સમજાવતાં-સમજાવતાં અંત માં એમની બુદ્ધિમાં પણ આવશે કે આ વાત ઠીક છે. સતયુગ નું આયુષ્ય જો લાખો વર્ષ હોત તો સંખ્યા ખુબ વધી જાત. હમણાં તો સંખ્યા જ સૌથી થોડી છે કારણ કે કન્વર્ટ થઈ ગયાં છે બીજા ધર્મ માં. દેવતા ધર્મ વાળા છે સૂર્યવંશી. રામ ને પછી ક્ષત્રિય ની નિશાની આપી દીધી છે. હમણાં તમે રુહાની ક્ષત્રિય છો. માયા પર જીત મેળવો છો, એમાં સમજવાની બહુજ બુદ્ધિ જોઈએ. યોગ પણ ખુબ સહજ છે. આત્માઓ નો યોગ લાગે છે પરમપિતા પરમાત્મા ની સાથે. યોગ આશ્રમ તો ઘણાં છે પરંતુ તે બધાં હઠયોગ કરાવે છે. એવું થોડી કહે છે પરમપિતા પરમાત્મા ની સાથે યોગ લગાવો. તમે બાળકો જાણો છો - બાબા અમને દલાલ નાં રુપમાં મળ્યાં છે. કહે છે-મામેકમ્ યાદ કરો તો ખાદ નીકળી જશે. યાદ કરતાં-કરતાં તમે મુક્તિધામ માં ચાલ્યા જશો.

બાપ બેસી સમજાવે છે - બાળકો દુનિયાનો હાલ જુઓ શું થઈ ગયો છે. તમે જે વિશ્વ નાં માલિક હતાં, હમણાં બેગર બની ગયાં છો પછી બેગર ટુ પ્રિન્સ (ગરીબ થી રાજકુમાર) બનવાનું છે. ભારત બેગર છે. પતિત રાજાઓ, પાવન મહારાજા-મહારાણી નાં મંદિર બનાવી ને પૂજા કરે છે. નિરાકાર શિવબાબા ની પૂજા કરે છે. જરુર કંઈક કર્યું હશે. કેટલાં મંદિર છે. તમે હમણાં જાણો છો ૫ હજાર વર્ષ પહેલાં પણ આવીને રાજયોગ શીખવાડ્યો હતો. તમે અનેક વાર રાજ્ય લીધું છે અને ગુમાવ્યું છે. હમણાં પછી શાંતિધામ અને સુખધામ ને યાદ કરો, દુઃખધામ ને ભૂલતા જાઓ. આ બધું વિનાશ થવાનું છે. પછી તમે સ્વર્ગનાં માલિક બની જશો. બાપ કહે છે - હું તમારા બેહદ નો બાપ પણ છું, તમને બેહદ નો વારસો આપવાં આવ્યો છું. તમારા દિલ માં ખુશી છે, અમે પોતાની રાજધાની શ્રીમત પર સ્થાપન કરી રહ્યાં છીએ. પરંતુ છે બધું ગુપ્ત. રાવણ પર જીત મેળવવાની છે. ગવાય પણ છે કે માયાજીતે જગતજીત. ૫ વિકારો પર જીત મેળવવાની છે. ૫ વિકારો નો સંન્યાસ કરવાનો છે. ખેવૈયા તો એક બાપ છે. બધાની સદ્ગતિ કરવા વાળા સદ્ગુરુ વગર ઘોર અંધારું છે.

ભારતમાં ગુરુ તો ઘણાં છે. દરેક સ્ત્રી નો પતિ પણ ગુરુ છે. પછી આટલી દુર્ગતિ કેમ થઈ? કહી દે છે બધાં ઈશ્વર નાં રુપ છે. અમે ઈશ્વર છીએ. પછી યોગ કોનાથી લગાવે? પછી તો ભક્તિ જ બંધ થઈ જાય. પછી હે ભગવાન કહી કોને બોલાવો છો? સાધના કોની કરો છો? પોતે ઈશ્વર થોડી ક્યારેય બીમાર પડે. પરંતુ કોઈ પૂછવા વાળા નથી. ડરતા રહે છે, શ્રાપ ન મળી જાય. હકીકત માં શ્રાપ આપવા વાળો છે રાવણ. બાપ તો વારસો આપે છે. રાવણ દુશ્મન છે તેથી બાળતાં રહે છે. લક્ષ્મી-નારાયણ નાં ચિત્ર ને ક્યારેય બાળે છે શું? બિલકુલ નહીં. રાવણ શું વસ્તુ છે - હવે તમને ખબર પડે છે. સતયુગ માં પાવન પ્રવૃત્તિ માં સુખ હતું. હમણાં પતિત પ્રવૃત્તિ માં દુઃખ છે. હવે આનો વિનાશ થવાનો છે તમે જોશો કે ધરતીકંપ વગેરે થતાં રહેશે. બાબા પણ ક્યાં સુધી બેસી શિક્ષા આપશે? લિમિટ હશે ને? રાજાઈ સ્થાપન થશે અને વિનાશ થશે. અંતમાં તમે બહુજ મજા જોશો, શરુઆત થી પણ વધારે. તે તો પાકિસ્તાન હતું. હમણાં તો વિનાશ નો સમય છે. તમને બાબા ઘણું બધું દેખાડશે. પછી જે સારી રીતે નહીં ભણ્યા હોય તે અંદર ફફળતા રહેશે. શું કરી શકે? હમણાં જેટલો પુરુષાર્થ કરવો છે કરી લો, બાળ-બચ્ચાઓને પણ સંભાળવાનાં જ છે. ડરપોક નથી બનવાનું. કદમ-કદમ શ્રીમત પર ચાલવાનું છે. બાપને યાદ કરતા રહેવાનું છે. બસ એમાં જ મહેનત છે. પાપો નો બોજો માથા પર થી કેવી રીતે ઉતરે? એના માટે છે સહજ યોગ. આ છે જ્ઞાનબળ, યોગબળ જેનાથી માયા પર વિજય મેળવીને વિશ્વ નાં માલિક બનો છો. અચ્છા!

મીઠા-મીઠા સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

૧) શ્રીમત પર જ્ઞાન અને યોગબળ થી માયા પર વિજય મેળવવાનો છે. વિનાશ પહેલા પોતાનાં વિકર્મો નો વિનાશ કરવાનો છે.

૨) બેહદનું રાજ્ય લેવા માટે દરેક વાતમાં પોતાનો બચાવ કરતા રહેવાનો છે. અન્નદોષ થી બહુજ સંભાળ કરવાની છે.

**વરદાન :-સંગમયુગ નાં મહત્વ ને જાણી સ્નેહની અનુભૂતિઓમાં સમાવવા વાળા સંપૂર્ણ જ્ઞાની યોગી ભવ**

સંગમયુગ પરમાત્મ સ્નેહ નો યુગ છે. આ યુગ નાં મહત્વ ને જાણીને સ્નેહની અનુભૂતિઓમાં સમાઈ જાઓ. સ્નેહ નાં સાગર સ્નેહ નાં હીરા મોતીઓની થાળીઓ ભરીને આપી રહ્યાં છે, તો પોતાને સદા ભરપૂર કરો. થોડા અનુભવ માં ખુશ નહીં થઈ જાઓ, સંપન્ન બનો. એ પરમાત્મ પ્રેમનાં હીરા-મોતી અણમોલ છે, એનાથી સદા સજેલાં રહો કારણ કે આ સ્નેહ જ યોગ છે અને સ્નેહ માં સમાવવું જ સંપૂર્ણ જ્ઞાન છે. એવાં રુહાની સ્નેહ નો સદા અનુભવ કરવા વાળા જ સંપૂર્ણ જ્ઞાની-યોગી છે.

**સ્લોગન :-** જે વ્યર્થની ફીલિંગ થી પરે રહે છે તે જ માયાજીત બને છે.